

ગાંધીનગરને 'ગાંધીકથા'ના માધ્યમથી ગાંધીમય કરી ગયેલા 'ગાંધી વિચાર'ના સાચા સેનાપતિ શ્રી નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈ હવે આપણી વચ્ચે નથી. વર્ષ-૨૦૦૯માં ગાંધીનગર કલ્ચરલ ફોરમ સમક્ષ એક નવીન-અનોખો પ્રસ્તાવ આપ્યો. અનેક પ્રકારના કાર્યક્રમોના માધ્યમથી સમાજમાં સંસ્કાર સિંચનનું કામ કરતી મોખરાની સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ શ્રી નારાયણભાઈ દેસાઈની 'ગાંધી કથા' ની યજમાની કરે એવો પ્રસ્તાવ ઉત્સાહભેર સ્વીકારાયો અને ગાંધીનગરની બીજી સહયોગી સંસ્થાઓ સાથે મળીને ગાંધીનગર કલ્ચર ફોરમે 'ગાંધીકથા'નું આયોજન કર્યું. ગાંધીનગરના ટાઉનહોલમાં તારીખ ૨૧ થી ૨૫ જૂન, ૨૦૦૯ દરમિયાન શ્રી નારાયણભાઈ દેસાની વ્યાસપીઠની સ્થાપના થઈ અને વર્કીંગ દિવસો હોવા છતાં સચિવાલયના સ્વામિત્વવાળા આ શહેરમાં સવારના પહોરમાં ૮.૩૦ વાગ્યાથી શ્રોતાઓ શ્રી નારાયણભાઈ દેસાઈના મુખેથી 'ગાંધી કથા' સાંભળવા ટાઉનહોલમાં ઉમટી પડતા હતા. ત્રણ-ત્રણ કલાક સુધી ટાઉનહોલ હકડેઠઠ ભરાયેલો રહેતો. શ્રી નારાયણભાઈ દેસાઈએ પોતાના ૯૦ વર્ષના આયુષ્યમાં વર્ષ-૨૦૦૪ થી 'ગાંધીકથા' કહેવાની શરૂઆત કરી અને ગાંધીનગરમાં યોજોયલી 'ગાંધી કથા' તેમની ૭૫મી કથા હતી. શ્રી નારાયણભાઈ દેસાઈ કુલ ૧૦૮ 'ગાંધી કથા' કહી શક્યા. પરન્તુ ગાંધીનગરના ટાઉનહોલમાં થયેલી 'ગાંધી કથા' શ્રી નારાયણભાઈ દેસાઈ માટે પણ ઘણી મહત્વની-યાદગાર બની રહી, એવું શ્રી નારાયણભાઈ દેસાઈએ તે પછીની તેમની ગાંધીનગરની મુલાકાતો દરમિયાન એક કરતાં વધુ વખત કહ્યું હતું. ગાંધીનગરની 'ગાંધી કથા' દરમિયાન - એટલા માટે આખી 'ગાંધી કથા' સાંભળતા-સાંભળતા લીધેલી આ તસવીરો મારા માટે ખૂબજ મહત્વની અને ચિર-સ્મરણિય છે... પૂ. નારાયણભાઈ દેસાઈને અંજલિ સાથે પ્રમાણ... (તસવીરો-અહેવાલ : હિરેન ભટ્ટ)

# સે-૧૫ સરકારી કોલેજમાં મોબાઈલની ચોરી બદલ એનએસયુઆઈએ ઉગ્ર રજૂઆત કરી

## પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓના ૩૫થી વધુ મોબાઈલ ચોરાયા : કોલેજ સત્તાધીશો અને પોલીસ કુંભકર્ણની નિંદ્રામાંથી જાગે : એનએસયુઆઈ

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૧૫ સરકારી કોલેજમાં છેલ્લા અઠવાડિયા દરમિયાન વિદ્યાર્થીઓની બેગ અને મોબાઈલ ચોરાવાની ઘટના બનવા પામી છે. કોલેજ સત્તાધીશો અને પોલીસની કામગીરીને લઈને એનએસયુઆઈ દ્વારા કોલેજના સત્તાધીશો સમક્ષ આજે ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.

ગાંધીનગર સેકટર-૧૫ સ્થિત સરકારી વાણિજય અને વિનિયન કોલેજમાં અત્યારે પરીક્ષાઓ ચાલી રહી છે. વિદ્યાર્થીઓ પરીક્ષામાં મોબાઈલ પ્રતિબંધને લઈને પોતાના મોબાઈલ વ્હિકલમાં રાખીને પરીક્ષા આપવા બેસે છે ત્યારે કોલેજમાં લુખ્ખાઓ દ્વારા વિદ્યાર્થીઓના મોબાઈલ, બુકો ચોરવાની ઘટનાએ હાહાકાર મચાવી દીધો છે.

ચોરીની ઘટનાને લઈને એન.એસ.યુ.આઈ.ના ગુલાબસિંહ રાજપૂત, અંકિત બારોટ, વિરેન્દ્રસિંહ ગોહિલ, જયરાજસિંહ બિહોલા, યુવરાજસિંહ બિહોલા અને કાર્યકરો દ્વારા કોલેજ સત્તાધીશો સમક્ષ ઉગ્ર રજુઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કોલેજમાં જિલ્લાના ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અહીંયા અભ્યાસ કરવા આવે છે અને છેલ્લા અઠવાડિયામાં કોલેજમાંથી ૩૫ થી વધુ મોબાઈલ ચોરી થવા પામ્યા છે.

વધુમાં જણાવ્યું હતું કે કોલેજમાં જાણે કાંઈ બન્યું જ ન હોય તેમ પોલીસ અને કોલેજ સત્તાધીશો કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહ્યા છે. વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ અને પોલીસને વારંવાર રજૂઆત કરવામાં આવી રહી હોવા છતાં ચોરોને તંત્ર દ્વારા છાવરામાં આવી રહ્યા છે.

શિક્ષણના મંદિરમાં ચોરી ઘટનાથી શ્રધ્ધાળુ સમા વિદ્યાર્થીઓ ગભરાવા લાગ્યા છે. સમગ્ર કોલેજમાં ભૂત બંગલા જેવું ભયનું સામ્રાજય ફેલાઈ ગયું છે. ત્યારે સત્તાધીશોને જણાવ્યું હતું કે કોલેજમાં આઈકાર્ડ વિના પ્રવેશ ન આપવો જોઈએ તેમજ જરૂર પડેતો એનએસયુઆઈના કાર્યકરોનો સહયોગ લેવો જોઈએ.

પ્રિન્સિપાલ સમક્ષ રજૂઆત કરી હતી કે ગરીબ વિદ્યાર્થીઓ પોતાના કુટુંબીજનોના સંપર્કમાં રહી શકે તે માટે કોલેજમાં મોબાઈલ લઈને આવતા હોય છે ત્યારે મોબાઈલ ચોરોને ઝડપથી પકડી જેલના સળિયા ગણતા કરવા અને વિદ્યાર્થીઓને મોબાઈલ પરત મળે તે માટે પગલા ભરવા જઈએ.



## શહેર જિલ્લા કોંગ્રેસનો લોક ડાયરો મોકુફ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી ૧૮ માર્ચના રોજ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું જે હાલ પુરતુ મોકુફ રાખવામાં આવ્યુ છે. ગાંધીનગર સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે આગામી ૧૮ માર્ચ રાત્રે ૮.૩૦ વાગે માયા આહિર સહિતના કલાકારો સાથે લોકડાયરો યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક ડાયરો હાલ પુરતો મોકુફ રાખવામાં આવ્યો છે. તેમ શહેર અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશુભા રાણા, મુકેશ પટેલ અને ધુળાજી ઠાકોરે સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

# સે-૭માં આધેડે બિમારીથી કંટાળી ગળે ફાંસો ખાધો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૭ ખાતે રહેતા આધેડે આજે બિમારીથી કંટાળી પોતાના જ ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી હતી આ અંગે સેકટર-૭ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર શહેરના સેકટર-૭ ખાતે પરીમલ એપાર્ટમેન્ટ નામના રહેણાંક ફલેટ આવેલા છે. જયાં ૧/૧ નંબરના ફલેટમાં અતુલભાઈ દેવશંકર રાજગુરુ ઉ.વ.૫૨ પોતાના પરિવાર સાથે રહેતા હતા. અતુલભાઈ છેલ્લા ઘણા સમયથી માંદગીના કારણે પીડાઈ રહ્યા હતા. આથી આજે પોતાના જ ઘરમાં છત પર લગાવેલ પંખા પર દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યાકરી લીધી હતી. થોડા સમય બાદ પરિવારજનોને આ અંગે જાણ થતા તુરંત સે-૭ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે આવી તપાસ હાથ ધરી હતી અને આ બનાવ અંગે આત્મહત્યાનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : દિપક જાની)

## પંચામૃત ભવનના નિર્માણ માટે વૃક્ષોના નિકંદનનો વિરોધ

ગાંધીનગરમાં પંચામૃત ભવનના નિર્માણ માટે અસંખ્ય વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવશે તેવા અહેવાલોના પગલે પર્યાવરણ પ્રેમીઓમાં ભારે વિરોધનો સૂર ફેલાવા પામી રહ્યો છે. આ વૃક્ષોને બચાવવા પર્યાવરણ બચાવો સમિતિની રચના કરવામાં આવી છે જેની આજે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં વૃક્ષોના નિકંદન સામે લડત આપવા નિર્ણય કરાય તે અંગે રૂપરેખા ઘડવા માટે ચર્ચા કરવામાં આવી હતી.

# પોલીસદમન વિરૂદ્ધ વકીલો દ્વારા કોર્ટને તાળાબંધી કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

તાજેતરમાં ઉત્તરપ્રદેશના અલ્હાબાદ કોર્ટ કેમ્પસમાં પોલીસ અધિકારી દ્વારા સ્થાનિક એડવોકેટને ગોળી મારીને ઠાર મારવાની ઘટનાના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. સમગ્ર વકીલઆલમ દ્વારા આ ઘટનાને વખોડી કાઢવામાં આવ્યું છે અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયા તથા બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા આજે કોર્ટ કામકાજથી અળગા રહેવા તેમજ કોર્ટને તાળાબંધી કરવા એલાન આપવામાં આવ્યું હતું. આ એલાનને ગાંધીનગર બાર એસોસીએશન દ્વારા ટેકો જાહેર કરાયો હતો. જેના પગલે ગાંધીનગરની તમામ અદાલતોમાં આજે વકીલોએ કોર્ટકામકાજથી અળગા રહી તાળાબંધી કરી વિરોધ નોંધાવ્યો હતો.

ગાંધીનગર બાર એસોસીએશન દ્વારા આજે કોર્ટ સંકુલના મેઈન ગેટ પાસે 'વકીલ યુનિયન જીંદાબાદ અને પોલીસ મુર્દાબાદ' જેવા સૂત્રોચ્ચાર પોકારી સંકુલમાં પ્રવેશ કર્યો નહોતો. આ સાથે વકીલો દ્વારા ગાંધીનગર કોર્ટના પ્રેક્ટીશ કરતા કિરીટભાઈ આસોડીયા સામે પુરતી માહિતી વગર સે. ૭ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવાના પોલીસના કૃત્યને પણ વિરોધ કરવામાં આવ્યો હતો. છાશવારે પોલીસકર્મીઓ દ્વારા વકીલોની અવગણના તેમજ અપમાનજનક વર્તન કરવા બાબતે એડવોકેટ પ્રોટેક્શન એક્ટ અમલમાં લાવવા બાર એસોસીએશન રજૂઆત કરશે તેવુ પ્રમુખ ગીરીશસિંહ ગોહિલે જણાવ્યું હતું. તેમણે જરૂર પડશે તો વકીલો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.



આ ઉપરાંત બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના સભ્ય કરણસિંહ વાઘેલા દ્વારા જણાવવામાં આવ્યું છે કે સુપ્રિમ કોર્ટના કલમ-૧૩૮ અને ૭ વર્ષની સજાને કારણે પોલીસ સ્ટેશને જ જામીન આપવાની બાબતે ચુકાદાને લીધે વકીલોની કાયમી પ્રેક્ટીશ પર માઠી અસર થવા પામી છે. આ બાબતે વકીલ આલમે સંગઠિત થઈ અવાજ બુલંદ કરવા બાદ કાઉન્સિલે ગંભીરતાથી વિચારવાની જરૂરી જણાવી હતી.

# ગાંધીનગર રેન્જ પોલીસની અસામાજિક તત્વો સામે લાલ આંખ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર રેન્જ વિસ્તારમાં સમાવિષ્ટ જિલ્લાઓમાં બેધડક ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિને ડામી દેવા ગાંધીનગર રેન્જ પોલીસના વડાએ કમર કસી લીધી છે. આ સમાજ વિરોધી અને ગુનાહીત પ્રવૃત્તિનો નાબુદ કરવા રેન્જ આઈ.જી.એ નાગરિકોને માહિતી સાથે સહકાર આપવા અપીલ કરી છે. પોલીસ મહાનિરીક્ષક ગાંધીનગર વિભાગ, ગાંધીનગરના કાર્યક્ષેત્રમાં ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓ સમાવિષ્ઠ થાય છે.

ગાંધીનગર વિભાગના રેન્જમાં આવતા જિલ્લામાં દેશી-વિદેશી દારૂ, સટ્ટો, જુગાર, છેડતી, આનૈતિક ધામ, ચોરી, લૂંટ જેવી પ્રવૃત્તિઓ ચલાવતા ઈસમો સામે ગાંધીનગર રેન્જના વડાએ ગંભીર બની લાલ આંખ કરી છે અને આ પ્રકારની ચાલતી તમામ અસામાજિક પ્રવૃત્તિઓને ડામી દેવા કડક પગલા લઈ નાગરિકો દ્વારા જરૂરી માહિતી તેમજ સહકાર પોલીસને આપવા અપીલ કરવામાં આવી છે.

રેન્જમાં સમાવિષ્ટ જિલ્લાઓમાં કોઈપણ સ્થળ કે વિસ્તારમાં કોઈપણ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિ ચાલતી હોય તો તેની માહિતી ગાંધીનગર રેન્જ કંટ્રોલ રૂમમાં ટે.નં. ૦૭૯-૨૩૨-૬૦૬૧૫ પર અથવા બ્લોક નં. ૧૯૦/૩ ગ-૧ ટાઈન સેક્ટર-૩૦ ગાંધીનગર અથવા પોલીસ મહાનિરીક્ષકની કચેરી ગાંધીનગર વિભાગ, ગાંધીનગર ખાતે લેખિતમાં તેમજ રૂબરૂમાં જાણ કરી શકશો અને માહિતી આપનારની તમામ માહિતી ગુપ્ત રાખવામાં આવશે તેમ રીડર પી.આઈ. ડી.પી. ચુડાસમાએ જણાવ્યું હતું.



## સમાજ રત્ન એવોર્ડથી સન્માનિત કરાયા

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા પ્રતિભાબેન દવેને સમાજરત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રીમતિ દવેનો સમાજલક્ષી પ્રવૃત્તિઓની કામગીરી બદલ બિરદાવી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.







## વિદ્યાર્થીઓ વિધાનસભાની મુલાકાતે

ગાંધીનગર સ્થિત જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓને અરૂણોદય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિધાનસભાની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. મુલાકાતમાં વિદ્યાર્થીનીઓએ વિધાનસભા સત્ર નિહાળ્યું હતું. ત્યાર બાદ પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેનની મુલાકાત લીધી હતી. જેમાં મુખ્યમંત્રીએ નિખાલસતાપૂર્વક વિદ્યાર્થીનીઓના પ્રશ્નના જવાબ આપ્યા હતા. વિદ્યાર્થીનીઓએ મુખ્યમંત્રીને તેમના જીવનના સંઘર્ષો વિશે સવાલોની આપ લે કરી હતી. રાજયના ગૃહ મંત્રી રજનીભાઈ પટેલની મુલાકાત લીધી હતી. ગૃહમંત્રીએ વિદ્યાર્થીનીઓને જીવનમાં પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯

સૂર્યાસ્ત : ૬.૫૧

## તાપમાન

મહત્તમ : ૩૧.૪ ડિ.સે.

લઘુત્તમ : ૧૭.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૧ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

હે... બ્રો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સ્ક્રીન-૪ :

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

દમ લગાકે હેઈસા : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :

કેનવાસ (ગુજરાતી) : ૭.૦૦

## આપની આજ

**મેષ** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**મિથુન** : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

## ચિરવિદાય

- સ્વ. બારોટ સુરેન્દ્રકુમાર કાળુજી (ઉ.વ.૬૪) મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. દરજી ઘનશ્યામજી સેંધાભાઇ (ઉ.વ.૬૫) મુ. સમો, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ.સલાટ જીવણલાલ સદાભાઇ (ઉ.વ.૭૬) સેકટર-૧૪, ગોકુળપુરા, તા.જી. ગાંધીનગર